


"વાતાવરણ ધુંધળુ ધુંધળુ લાગે છે ખરૂને..?!"

"હા...હા..! જુઓને ચારેય બાજુ અસંતોષની આગ લાગી છે... એમ જ ને..?!"

"હા... એમ જ..! કોણ કોને સારૂ કહેવડાવે તે જ સમજાતુ નથી..! બધે જ અસંતોષની આગ. નારેબાજી... રાજીનામા... બળવાખોરી..! ખબર નથી પડતી આ તો રાજનીતિ છે કે કબડ્ડીની રમત છે..!!"

"સાહેબ..! કબડ્ડીમાં તો સારૂ હોય છે..! રમતના નિયમો હોય..! ખેલદીલીનો ભાવ હોય અને રેફરીનો નિર્ણય હોય..! અહીંયા તો આમાંનું કાંઈ નથી..!!"

"પણ સમજાતું નથી આટલી બધી ખેંચમતાણી શાની છે..?! શું મેળવી લેવાનુ હોય છે..?!"

"એ તમને નહીં સમજાય..! કેટલું મળે છે ને ક્યાંથી મળે છે..?! ને શું મળે છે..?!"

"શું પગાર ભથ્થાની વાત કરો છો કે પ્લોટની વાત કરો છો..?!"

"ના ભાઈ ના..! આ પ્લોટ અને પગાર તો કાંઈ નહિ પાવર મળે છે પાવર..!!"

"શેનો પાવર..?! શું પાવર..?!"

"અરે પાવર એટલે પાવર... સત્તાનો..!! અને એમાંથી પ્રતિષ્ઠાનો પાવર મળે... અને એમાંથી પૈસા ઉભા થાય..! અને વાહ-વાહ થાય..!"

"પૈસા પણ ઉભા થાય..?!"

"અરે તમે તો જાણે બાલમંદિરમાં ભણતા હોય તેમ કરો છો..! એના માટે તો આટલા બધા ધમપછાડા ચાલે છે..! નીતિ-નિયમોને નેવે મુકીને પણ ટિકિટ મેળવવા આંધળુકિયા થાય છે આંધળુકીયા..!!"

"હેં... પણ મને એમ સમજાવોને કે એટલા બધા રૂપિયા મળે..? ક્યાંથી મળે..? કેવી રીતે મળે..? અને આ ભ્રષ્ટાચાર ના કહેવાય..? આવો ભ્રષ્ટાચાર કરવા માટેની સ્પર્ધા..!! આમાં તો સેવા કે મેવા..?!"

"સાહેબ... સેવા કે મેવાની વાત તો જુની થઈ ગઈ હવે... કેટલા કરોડ મળે તેની વાત કરો..! કેવી રીતે મળે એ તો પુછશો જ નહિ..! હવે ભ્રષ્ટાચાર એ ભ્રષ્ટાચાર રહ્યો જ નથી એ શિષ્ટાચાર છે..!"

"પણ ક્યાંય દેખાતો તો નથી..?!"

"ભગવાન ક્યાંય દેખાય છે..?! છતાંય ભગવાન બધે જ છે..! અનુભવવાનો વિષય છે..!"

"અહં..! એટલે ભગવાન જેવી બોલબાલા છે..?!"

"હું એવું તો નહિ કહું પણ આજકાલ ભ્રષ્ટાચારના વ્યવહારને પ્રસાદ તરીકે ઓળખાય છે..! કેટલો પ્રસાદ ચડાવ્યો..! એના ઉપર વરદાન..!! વરદાન એટલે વળતર..!"

"ઓ બાપરે..! ખરૂ છે યાર..! તો આ બધા નેતાઓ તો મોટી મોટી વાતો કરે છે... પણ આવું બધુ પોલંપોલ હોય છે..?! તે બધા જ પક્ષો અને બધા જ નેતાઓ આવું કરે..?!"

"હા...હા...હા..! બધાં જ..! કોઈ દુધે ધોયેલા નથી હોતા..!! અને એટલા જ માટે આમાં કાપાકાપી છે..! અને એટલે જ ધમપછાડા છે..!!"

"આનો કોઈ ઉપાય તો હશે જ ને..?! અને ના હોય તો શોધવો

● અનુસંધાન પાન-૫ પર

# નવા સચિવાલયમાં અદ્યતન ટેકનોલોજી ધરાવતી નવી ૧૬ લીફ્ટ મુકાશે

## અગાઉ ૩૦ નવી લીફ્ટ મુકવામાં આવી હતી : નવી લીફ્ટ મુકવા પાછળ ૮ કરોડનો ખર્ચ કરાશે

ગાંધીનગર તા ૨૧

નવા સચિવાલયમાં લીફ્ટ નાંખવાનુ કામ હાથ ધરાશે.અગાઉ નવા સચિવાલયના વિવિધ બ્લોકને અનુલક્ષી ૩૦ જેટલી લીફ્ટો નવી મુકવામાં આવી હતી. જયારે હજુ પણ નવા સચિવાલયમાં નવી ૧૬ લીફ્ટ મુકવામાં આવશે. દાયકાઓ જુની લીફ્ટ બદલવાની કામગીરી ટુંકમાં શરૂ કરી દેવાશે. નવી ટેકનોલોજી ધરાવતી લીફ્ટ મુકાશે. જયારે આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૮ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

ગાંધીનગરમાં સ્થિત અનેક વિધ સરકારી બિલ્ડીંગોમાં વિવિધ સરકારી કચેરીઓ ધમધમી રહી છે. જયારે હાઈરાઈઝ સરકારી બિલ્ડીંગોમાં લીફ્ટ પણ મુકવામાં આવી છે. ઉદ્યોગભવનના તોતિંગ મકાનમાં પણ લીફ્ટની સુવિધા ચાર વર્ષ અગાઉ જ અપગ્રેડ કરવામાં આવી છે. શહેરમાં સ્થિત ઉદ્યોગભવનના બિલ્ડીંગમાં દાયકાઓના અંતે લીફ્ટમાં ટેકનિકલ ખામી વધતા ભવનના વિવિધ બ્લોકમાં નવી લીફ્ટ મુકવામાં આવી હતી. જયારે નવા સચિવાલયમાં પણ હાલ આવી જ સ્થિતિ છે. નવા સચિવાલયમાં ત્રણ દાયકાથી વધુ સમય જુની લીફ્ટ હવે વારંવાર ખોટવાતી હોવાનુ ધ્યાને આવ્યુ છે. જોકે નવા સચિવાલયના ૧૪ બ્લોકમાં અગાઉ ૩૦ લીફ્ટ બદલવામાં આવી હતી. જયારે હજુ પણ નવા સચિવાલય સંકુલમાં વધુ ૧૬ લીફ્ટ બદલવાનુ કામ હાથ ધરાશે. લીફ્ટની કામગીરીને અનુલક્ષી ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી હતી. જેના અંતે નવા સચિવાલયમાં લીફ્ટ બદલવાનુ કામ આગામી એક વર્ષમાં પુર્ણ કરી દેવાશે. જયારે આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૮ કરોડનો ખર્ચ કરવામાં આવશે.નવા સચિવાલયના વિવિધ બ્લોકમાં આવતા મુલાકાતીઓની સંખ્યા પણ વિશેષ હોવાતી લીફ્ટનો વિશેષ ઉપયોગ પણ થાય છે. ત્યારે દાયકાઓના અંતે નવા સચિવાલય સંકુલમાં લીફ્ટ બિનઉપયોગ બની છે. ત્યારે હવે નવી ટેકનોલોજી ધરાવતી લીફ્ટ નાંખવામાં આવશે.

# સેકટરોમાં મતદારો સાથેનો સંપર્ક મજબુત કરવા માટે ભાજપની પેજ પ્રમુખ બેઠક

## પેજ પ્રમુખો સહીત તમામ મોરચાના હોદેદારો સાથે બેઠકનો દૌર શરૂ

ગાંધીનગર તા ૨૧

વિધાનસભાની ચુંટણીને અનુલક્ષી ભાજપે સેકટરવાઈઝ પેજ પ્રમુખોની બેઠકો શરૂ કરી દીધી છે. આજે પણ સે-૨૭ રંગમંચમાં બેઠક મળી હતી. આગામી વિધાનસભાની ચુંટણીને અનુલક્ષી પેજપ્રમુખોને પોતાના વોર્ડ તેમજ સેકટરોમાં જવાબદારી સોંપવામાં આવી રહી છે. ચુંટણી પુરી ન થાય ત્યાં સુધી પેજ પ્રમુખોને સતત મતદારોના સંપર્કમાં રહેવા પણ જણાંવાયુ છે. ચુંટણી દરમિયાન વોર્ડના અગેવાનો તેમજ પેજ પ્રમુખોની કામગીરી વધુ અસરકારક પુરવાર થાય તે માટે બેઠક દરમિયાન યોગ્ય માર્ગદર્શન પણ પુરુ પાડવામાં આવશે.

આગામી વિધાનસભાની ચુંટણીને અનુલક્ષી ભાજપ કે કોંગ્રેસ દ્વારા જિલ્લાની બેઠકો પર હજુ ઉમેદવારોની યાદી જાહેર કરાઈ નથી. જેના પરિણામે રાજકીય ઉત્તેજના પ્રબળ બની રહી છે. ગાંધીનગર ઉત્તર અને દક્ષિણની બેઠક પર કોની ઉમેદવારી સ્વીકારાશે કે નવા ચહેરાને ચુંટણી મેદાનમાં ઉતારાશે તે અંગેનુ રહસ્ય હજુ અકબંધ છે. પરંતુ જિલ્લાની બેઠકો પર બહુમત હાંસલ કરવા માટે ભાજપ ગળાડુબ છે. મહાનગર ભાજપના કાર્યકરો પણ પક્ષને બહુમત અપાવવા તૈયારીમાં લાગી ગયા છે. ભાજપ દ્વારા આગામી દિવસોમાં શકિત કેન્દ્રોની બેઠકોનો દૌર શરૂ કરી દેવાયો છે. બેઠકમાં ભાજપના કાર્યકર્તાઓથી લઈ તમામ પદાધિકારીઓને સજ્જ રહેવા જણાંવાયુ છે. વાર્ડમાં આવતા તમામ બુથોની મતદારયાદી સેકટર શકિત કેન્દ્રના ઈન્ચાર્જ, વોર્ડ વાઈઝ બુથના પ્રાથમિક સદસ્યોની યાદી શક્તિકેન્દ્રોના બુથના પેજ પ્રમુખો તેમજ શકિત કેન્દ્રના ઈન્ચાર્જ સાથે બુથ સમિતિના સભ્યો ઉપરાંત સેકટરના કોર્પોરેટરો , આગેવાનો અન તમામ મોરચાના પદાધિકારીઓને આ બેઠકમાં હાજર રહેવા જણાંવાયુ છે. તા ૨૩ નવેમ્બર સુધી આ બેઠકો પુર્ણ કરી દેવાશે. યુ પીના કેબિનેટ મંત્રી મહેન્દ્રસિંહજીની આગેવાનીમાં આ બેઠક યોજાશે. તેમ પણ શહેર ભાજપના ઉપપ્રમુખ ઉરેન પટેલે જણાંવ્યુ છે.

# હવે ગુજરાતના રાજકારણના ઈતિહાસમાં જાદુના પ્રયોગો

## ભાજપે ચૂંટણી પ્રચાર માટે જાદુગરોની ૩૬ ટીમ કાર્યરત કરી : ભાજપના જાદુગરો ગ્રામ્યની ૧૪૪ બેઠકોના ક્ષેત્રમાં જાદુના ખેલ અને પ્રયોગો દ્વારા વિકાસ માટેનો સંદેશો રજૂ કરશે



અમદાવાદ,તા.૨૧

ગુજરાતના રાજકારણમાં ભાજપ દ્વારા સૌપ્રથમવાર જાદુગરો દ્વારા ચૂંટણી પ્રચારનો નવતર પ્રયોગ થવા જઈ રહ્યો છે. ગુજરાતના રાજકારણના ઈતિસહાસમાં સૌપ્રથમવાર કોઈ રાજકીય પક્ષ દ્વારા પ્રચાર માટે જાદુગરોનો પ્રયોગ થઈ રહ્યો છે. આવતીકાલથી ભાજપના જાદુગરોની ૩૬ ટીમો ગુજરાતભરમાં ચૂંટણી પ્રચાર શરૂ કરશે. ભાજપના જાદુગરો ગ્રામ્ય વિસ્તારની ૧૪૪ બેઠકોના મતક્ષેત્રમાં જાદુના ખેલ અને પ્રયોગો દ્વારા ગુજરાતના વિકાસ, ભાજપના પ્રચાર અને વધુમાં વધુ મતદાન કરવાના સંદેશા અને વાતને જન-જન સુધી રજૂ કરશે. ભાજપ દ્વારા આ માટે જાદુગરોને ખાસ સૂચનાઓ અને કાર્યક્રમના પ્લાનીંગ વિશે પણ વાકેફ કર્યા છે. આ અંગે ભાજપ પ્રચાર પ્રસાર વિભાગના કન્વીનર દક્ષેશ શાહ અને પ્રવકતા ડો.જગદીશ ભાવસારે જણાવ્યું હતું કે, ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈ ગુજરાતની જનતાને મતદાન માટે અસરકારક રીતે સંદેશો આપી શકાય અને લોકોમાં મતદાન પરત્વે જાગૃતિ કેળવાય તેવા ઉમદા આશય સાથે ભાજપ દ્વારા સૌપ્રથમવાર જાદુગરોની મદદ લેવાઈ છે. જાદુગરોના ખેલ અને પ્રયોગનું માધ્યમ લોકોને સંદેશો આપવા માટેનું અસરકારક માધ્યમ બની રહેશે. આવતીકાલથી ભાજપના જાદુગરોની ૩૬ ટીમો ગુજરાતમાં પક્ષના ચૂંટણી પ્રચારનો પ્રારંભ કરશે. ગુજરાતના ગ્રામ્ય વિસ્તારની ૧૪૪ બેઠકોના મતક્ષેત્ર પર આ જાદુગરો સ્થાનિક નાગરિકો-મતદારોને જાદુના વિવિધ ખેલ અને પ્રયોગો બતાવી તેમને ગુજરાતના વિકાસની ગાથા, ભાજપના વિકાસલક્ષી કાર્યો અને યોજનાઓની સાથે સાથે વધુ મતદાન અને મતાધિકારના ઉપયોગની મહત્તા સમજાવશે અને લોકોમાં જાગૃતિ ફેલાવશે. આ જાદુગરોની સાથે ભાજપના સ્થાનિક કાર્યકરો અને આગેવાનો પણ જોડાશે. સવારે ૧૦થી રાત્રે આઠ દરમ્યાન ભાજપના જાદુગરો કુલ આઠ શો યોજશે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, ગુજરાત વિધાનસભાની પહેલા તબક્કાની ચૂંટણીની ૭૨ બેઠકો અને બીજા તબક્કાની ૭૨ બેઠકો માટે ભાજપના આ જાદુગરોની ટીમ પ્રચાર-પ્રસાર કરશે. આજે એસ.જી.હાઈવે પર ભાજપના મીડિયા સેન્ટર કાર્યાલય ખાતે સૈય્યદ ઈરફાન સહિતના કેટલાક જાદુગરો પણ હાજર રહ્યા હતા અને તેઓએ જાદુના ખેલ અને પ્રયોગ બતાવી ભાજપ પક્ષના પ્રચારના કેટલાક નમૂના દર્શાવી ભાજપના નેતાઓ, આગેવાનો સહિતના મીડિયાના લોકોમાં આકર્ષણ જમાવ્યું હતું.

# પાસ અને કોંગ્રેસ વચ્ચે કોકડુ ગૂચવાયું

## હાર્દિક પટેલની આજની પત્રકાર પરિષદ રદ, કોંગ્રેસને સમર્થન આપવા મુદ્દે સસ્પેન્સ

ગાંધીનગર,તા.૨૧

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં પાટીદાર અનામત આંદોલનને લઈને કેન્દ્ર સ્થાને રહેલા હાર્દિક પટેલે ચૂંટણીમાં કોને સમર્થન આપવુ તેને લઈને પત્તા ખોલ્યા નથી. ત્યારે આજે હાર્દિક પટેલ કોઈ મોટી જાહેરાત કરવાનો હતો. પણ હાલમાં અહેવાલ આવી રહ્યા છે કે હાર્દિકની પત્રકાર પરિષદ રદ થઈ છે.

પરંતુ આ દરમ્યાન જે ઘટનાક્રમ સર્જાયો તે ખરેખર ચોંકાવનારો છે. સૂત્રોનું માનીએ તો એવી ચર્ચાઓ અંદરખાને ચાલી રહી છે કે હાર્દિક પટેલ પોતે એઆઈસીસીના નેતાઓ સાથે સંપર્કમાં છે અને તમામ ગતિવીધીઓથી ઉચ્ચ નેતાઓ સાથે વાટાઘાટો કરી રહ્યો છે. જોકે હાર્દિકના ભેદી મૌનથી અનેક સવાલો ઉઠી રહ્યા છે. બીજી તરફ પાસમાં દિનેશ બાંભણિયાના વધતા પ્રભુત્વને ઘટાડવા માટે પણ હાર્દિકે કોંગ્રેસ અને દિનેશને સામ સામે લાવી દીધા છે. એક તરફ હાર્દિકે પાસ કન્વીનરોને ચૂંટણી ન લડવી તેવો સંકેત આપ્યો છે તો બીજી તરફ કોંગ્રેસમાં પાટીદાર નેતાઓને ટિકિટો મળે તેવો માહોલ તૈયાર કરી દીધો છે. રાજકીય પંડિતોનું માનીએ તો રવિવારે દિનેશ બાંભણિયાએ જે તાયફા કર્યા તેનાથી પાસ કન્વીનરો ખફા છે. ત્યારે હાર્દિક હવે કયા પ્રકારની નીતિ અપનાવે છે તેના પર પણ નજર મંડાયેલી છે. કારણ કે એક તરફ પાસ પર પકડ જમાવી રાખવી અને બીજી તરફ રાજકીય પક્ષ સાથે પણ વાટાઘાટો ચાલુ રાખવી તે કંઈક અલગ જ સમીકરણ દર્શાવે છે.



મતદાર જાગૃતિ રેલી - આજકાલ રાજ્યભરમાં મતદાર જાગૃતિ રેલી યોજાય છે... આજે અમદાવાદ ખાતે મતદાર જાગૃતિ માટે મહિલા ટીચર્સ દ્વારા સ્કુટર રેલી યોજાઈ હતી... શહેરના વિવિધ માર્ગો પર ફરીને વધુ મતદાન માટે અપીલ કરતા પ્લે કાર્ડ સહિત અચૂક મતદાનના શપથ લઈ આકર્ષણ જમાવ્યું હતું....

# એસ ટી ડેપોએ બે મીની બસ શરૂ કરી મોડાસા અને પોલિટેકનીક રૂટમાં દોડશે

## બપોરે લાલદરવાજાથી ગાંધીનગર અને ધોળકા રૂટમાં પણ મીની બસ સેવા ચાલુ કરાઇ

ગાંધીનગર તા ૨૧

એસ ટી નિગમ દ્વારા મુસાફરોને યોગ્ય બસ સેવા મળી રહે તે માટે મીની બસ સેવા શરૂ કરવામાં આવી છે. એસ ટી તંત્ર દ્વારા મુસાફરોનો ટ્રાફિક વધુ રહેતો હોય તેવા રૂટમાં મીની બસ શરૂ કરવાનો પ્રયોગ કરવામાં આવ્યો છે. હાલ ગાંધીનગર ડેપોમાંથી પણ લાલદરવાજા અને મોડાસા માલપુર રૂટની બસસેવા શરૂ કરવામાં આવી છે. ગાંધીનગર ડેપોથી હાલ શરૂ થયેલી બે મીની બસ સવારે અને બપોરે પોલીટેકનિક રૂટમાં પણ દોડાવાશે.

ગાંધીનગર એસ ટી ડેપો દ્વારા સલામત સવારી એસ ટી અમારીના સ્લોગન સાથે એસ ટી તંત્રના રૂટને સમયાંતરે અપગ્રેડ કરવામાં આવે છે. થોડા સમય અગાઉ જ ગાંધીનગર ડેપોમાં ડ્રાઈવર કંડકટરની ભરતી કરવામાં આવી છે. જેના લીધે ડ્રાઈવર કંડકટરની ભરતીની ઘટનો પ્રશ્ન પ્રમાણમાં હલ થતા એસ ટી ડેપો કક્ષાએ નવા રૂટ ગોઠવવા માટે પણ ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. જેને ધ્યાને લઈ એસ ટી ડેપો દ્વારા નવી મીની બસ દોડાવાનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં હાલ દિવસ દરમિયાન બે મીની બસ વિવિધ રૂટમાં દોડવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. હાલ ગાંધીનગરથી લાલ દરવાજા તેમજ મોડાસા માલપુર રૂટમાં મીની બસ સેવા શરૂ કરવામાં આવી છે. જેમાં બપોરે ૨ : ૩૦ થી લાલદરવાજાથી સે-૨૮ : ૨૯ અને સાંજે ૫ : ૩૦ કલાકે આ મીની બસ ગાંધીનગરના સે -૨૮ ના સ્ટોપ પરથી ધોળકાના રૂટમાં દોડશે. જયારે સવારે ૭ :૩૦ ૯ :૩૦ અને બપોરે ૧૨ : ૩૦ કલાકે મીની બસ પોલિટેકનીકના રૂટમાં પણ દોડશે. આ ઉપરાંત સવારે ૭ કલાકે મોડાસા માલપુર રૂટમાં પણ મીની બસ દોડશે. એસ ટી તંત્ર દ્વારા મીની બસ સેવા શરૂ કરવામાં આવતા સ્થાનિક રહીશોને પણ આ સેવાનો લાભ મળશે. વિદ્યાર્થીઓ ઉપરાંત અન્ય નોકરીયાત વર્ગ સહીત અપડાઉનકર્તાઓને પણ મીની બસ સેવાનો લાભ મળશે. અગાઉ વિજાપુર રૂટની મીની બસ સેવા એસ ટી તંત્ર દ્વારા શરૂ કરવામાં આવી હતી. પરંતુ આ બસને ટ્રાફિક ન મળવાના લીધે એસ ટી દ્વારા આ મીની બસ સેવા બંધ કરી દેવાઈ હતી.

# રાજ્યમાં ઠંડીનો ચમકારો

અમદાવાદ,તા.૨૧

રાજયમાં છેલ્લા કેટલાક દિવસોથી હવામાનમાં પલટો આવવા પામતા અચાનક જ કચ્છમાં આવેલા નલીયા સહીત અનેક શહેરોના મહત્તમ તાપમાનમા એકથી બે ડીગ્રી સેલ્સીયસ જેટલો નોંધપાત્ર ઘટાડો થવાની સાથે જ સાંજનો સમય શરૂ થવાની સાથે જ વાતાવરણમાં ઠંડા પવનો અનુભવાઈ રહ્યા છે.રાજયમાં આજે સતત બીજા દિવસે કચ્છના નલીયા ખાતે ન્યુનત્તમ તાપમાનનો પારો ૯.૮ ડીગ્રી સેલ્સીયસ નોંધાવા પામતા નલીયા રાજયનુ સૌથી ઠંડુ શહેર રહેવા પામ્યુ હતુ.હવામાન વિભાગ તરફથી મળતી માહિતી અનુસાર,રાજયના અનેક વિસ્તારોમાં આવનારા એકથી બે દિવસની અંદર રાત્રીના તાપમાનમાં હજુ વધુ ઘટાડો થઈ શકે છે. છેલ્લા કેટલાક દિવસોથી રાજયના હવામાનમા એકાએક પલટો આવતા રાજયમાં અમદાવાદ શહેર સહિત અનેક શહેરોના રાત્રીના તાપમાનમા એકથી બે ડીગ્રી સેલ્સીયસ જેટલો ઘટાડો નોંધાવા પામ્યો છે.

રાળનો મલમ
ચામડીના કોઈપણ પ્રકારના સાધ્ય કે અસાધ્ય રોગનો સંપૂર્ણ કુદરતી ઉપચાર
૨૫૦ ગ્રામ કિંમત રૂા.૧૦૦-૦૦
રાળનુ તેલ
ખરતા વાળ, ખોડો કે માથાની ગરમીનો સંપૂર્ણ કુદરતી ઉપચાર
૨૦૦ ગ્રામ કિંમત રૂા.૧૧૦-૦૦
હિરાબા સેવા ચેરીટેબલ ટ્રસ્ટ
Mo.97234 61399
ફ્રી હોમ ડીલીવરી
દાઝી ગયેલાને રાળનો મલમ વિના મૂલ્યે મળશે

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BRIDGESTONE
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com